श्रीगणेशायनमः

मदनमोहनजीना महान भक्त.

बिल्वमंगळ उर्फे सूरदास.

નાટકના ઓપેરા.

શ્રી વાંકાનેર નૃસિંહ નૌત્તમ નાટક સમાજ
માટે રચાવી અને છપાવી પ્રસિદ્ધ કરનાર.

ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર.
(શ્રી વાંકાનેર નૃ. નૈ નાટક સમાજના માલિક)

રચનાર

નથુરામ સુંદરજી શુકલ.
ભાવનગર, પોરબંદર અને વાંકાનેરના રાજકવિ.

આવૃત્તિ પહેલી (નકલ ૩૦૦૦)

અમદાવાદ.

વિશ્વેશ્વર પ્રેસ.

સંવત ૧૯૬૫. સને ૧૯૦૯.

કિંમત બે આના.

ચેતવણી.

(સને ૧૮૬૭ ના ૨૫ મા આકટ મુજબ
રજીષ્ટર કરાવી, પ્રસિધ્ધ કરનારે સર્વ હકક
પોતાને સ્વાધીન રાખ્યા છે; માટે પ્રસિધ્ધ
કર્તાની રજા સિવાય કોઇએ આ નાટક
તથા તેમાંનાં ગાયનો છાપવાં-છપાવવાં,
વેચવાં-વેચાવવાં કે ભજવવાં-ભજાવવાં
નહીં.)

ॐ

શ્રી પરમાત્મને નમઃ

બિલ્વ મંગળ (ઉર્ફે) સૂરદાસ.

નાટકનાં મુખ્ય પાત્રો

શ્રીકૃષ્ણ—શ્રીવિષ્ણુ પરમાત્માનો પુર્ણ અંશાવતાર.

મંગળ—શ્રીકૃષ્ણનો સખા ગોપબાળ.

બિલ્વમંગળ—શ્રી મદન મોહનજીના મહાન ભક્ત રામદાસ બાવાના પુત્ર નાટયના નાયક. (સુરદાસ)

માયાદેવી—બિલ્વમંગળની સ્ત્રી,

ચિન્તામણી—બિલ્વમંગળને ઉત્તમ બોધ આપી આ ભવસાગરથી તારનાર ગુણિકા.

ચંદુ તથા બિન્દુ—બિલ્વમંગળને ચિન્તામણીના પ્રેમમાં લુબ્ધ કરાવનાર કુસંગી મીત્રો

અમ્મા—ચિન્તામણીની મા

અકબર—સર્વ વરણપર સમાન દૃષ્ટિ રાખનાર સર્વોત્તમ હીંદના શાહેનશાહ.

તાનસેન—અકબરશાહનો પ્રસિદ્ધ ગાયક.

સોમગિરિ—બિલ્વમંગળ માયાદેવી તથા ચિન્તામણીના ગુરૂ,

રમા—માયાદેવીની સખી.

કૃષ્ણદાસ—કૃષ્ણ પરમાત્માના અષ્ટ સખા માંહેના એક કવિ.

તુલસીદાસ—શ્રીરામચંદ્રના પરમ ભક્ત

બીજા—ગોપ ગોપીઓ, સેનાપતિ, દરોગો, ઠગ લોકો, ફરીદખાં, ચંચલા અમૃત શેઠાણી, અબધુત, નિર્લોભરામ, માયા, ચંદનલાલ, સુંદરલાલ, ચોપદાર, વારાંગનાઓ સખીયો વીગેરે વીગેરે.

બિલ્વમંગળ (ઉર્ફે) સુરદાસ.

નાટકનો ટુંક સાર.

પૂર્વ પ્રસંગ—શ્રીમદનમોહનજીના મહાન ભક્ત વ્રજભાષાના અષ્ટ કવિઓ માંહેના એક ઉત્તમ કવિ કૃષ્ણવીણા નદીના કિનારા ઉપરના કોઇ એક મોટા શહેરમાં નિવાસ કરતા પ્રસિદ્ધ ગાયક રામદાસ બાવાના પુત્ર જેનું પ્રથમ નામ બિલ્વમંગળ હતું તે બિલ્વમંગળને અધમોના સંગથી અલગ કરી શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતાના સખા બનાવ્યા. કે જેઓ પોતાની છેવટની સ્થિતિએ સુરદાસ નામે પ્રસિદ્ધ થયા અને જેણે અનેક પુસ્તકો દ્વારા પ્રભુના ગુણગાન કર્યા છે, જેના પદથી પ્રભુ પોતે હાજર થતા. તેવા આ ભક્ત બિલ્વમંગળની પ્રથમ સ્થિતિથી નાટ્યની શરૂઆત થાય છે.

પ્રારંભમાં—મંગળાચરણ બાદ વસ્તુરચન.

અંક પહેલો

પ્ર૦-૧—ગોલોકમાં, શ્રીકૃષ્ણ ભગવાન ગોપ ગોપીઓ સાથે ગમ્મત કરે છે, ત્યાં મંગળ નામના એક સખાને શંકા ઉત્પન્ન થવાથી કૃષ્ણ પ્રત્યે પુછે છે કે તમારૂં અધમઉધારણ નામ શાથી પડયું, ત્યારે તેની શંકાનું નિવારણ કરવા કૃષ્ણ ભગવાન કહે છે કે, હું અધમોને ઉધારૂં છું તેથી મારૂં નામ અધમઉધારણ પડયું છે. પરંતુ મંગળની શંકાનું સમાધાન નહી થવાથી શ્રીકૃષ્ણ ભગવાન તેને

સત્યુગ, ત્રેતા, દ્વાપર, અને કલિયુગના ભક્તોને પ્રત્યક્ષ બતાવી મંગળને સમજાવે છે. છેવટમાં મંગળ નહીં માનતાં કહે છે કે ગમે તેવો અધમ હોય તેને હું બોધ આપી ઉત્તમ બનાવી દઉં, મંગળની આ શંકાનુ નિવારણ કરવા અને પોતાનું અધમઉધારણ પદ પ્રત્યક્ષ બતાવવા ભગવાન તેને અધમોની સ્થિતિ દેખાડવા મૃત્યુલોકમાં લઈ જાય છે.

પ્ર૦-૨—કૃષ્ણવીણા નદીપરના શહેરમાં વસતા નગર શેઠનું ઘર, કૃષ્ણ ભગવાન મંગળને સાથે લઇ તે મકાન બતાવે છે અને ત્યાં આવનાર અધમોને બોધ દઈ ઉત્તમ કરવા કહેછે, તે કામ કરવા મંગળે હા પાડવી તેટલામાં ચંદુ બિન્દુ, તથા બિલ્વમંગળ (ઉર્ફે) સુરદાસ, વીગેરે મીત્રોનુ આવવું ત્યાં ચિન્તામણી નામની ગુણીકાના નાચ રંગમાં બિલ્વમંગળનુ ચિન્તામણી ઉપર મોહીત થવું, તેટલામાં મંગળે પ્રત્યક્ષ થઇ તે સર્વને બોધ દઇ સારે રસ્તે ચડાવવા યત્ન કરવો પણ મંગળનો બોધ નહી માનતા સર્વ તેને માર મારી કાઢી મુકે છે શ્રી કૃષ્ણ આ સર્વ ચમત્કાર છુપા ઉભા રહી જોવે છે.

પ્ર૦-૩—બિલ્વમંગળનુ ઘર ત્યાં મંગળનુ આવવું પડેલ મારનો પશ્ચાતાપ કરવો ભગવાને તેને શાન્ત કરવો અને પોતાના અકૃપા પાત્ર અધમોનો ગૃહ સંસાર જોવા કહેવું, ત્યાં માયા દેવીનું આવવું અને પોતાનો પતિ મધરાત વીતી જતા નહી આવવાથી કંટાળી સુઇ જવું. ત્યાં બિલ્વમંગળનું ચીન્તામણીનાં પ્રેમમાં આધીન બની આવી

સારાં કપડાં પહેરી ચીન્તામણી પાસે જવા તૈયાર થવું, તથા માયાદેવીએ તેને જતાં અટકાવવો, મંગળ આ બનાવ જોઇ કંટાળી જવાથી ભગવાનને તેઓને સુધારવા કહેછે, તેથી કૃષ્ણ ભગવાને ચિન્તામણીને ઉત્તમ કરી, પછીથી ચિન્તામણી દ્વારાએ બિલ્વમંગળને બોધ દઇ ઉત્તમ કરવા કહી અદ્રશ્ય થવું !

પ્ર૦–૪—ચિન્તામણી ગુણીકાનુ ઘર દિલ્લીના ખજાનામાંથી થયેલ ચોરીનો તપાસ કરતાં પતો નહી લાગવાથી ત્યાંના સેનાપતિનુ ચિન્તામણી પાસે આવવું, અને તે ચોરીનો તપાસ કરવા ચિન્તામણીને ભલામણ કરવી ચિન્તામણીએ તે કામ માથે લઇ ઠગ લોકોમાં દેવી રૂપે જઇ તપાસ કરવા નકી કરવું, બાદ બિલ્વમંગળનુ આવવું, પરસ્પરનો પ્યાર.

પ્ર૦–૫—ઠગવાડો, ઠગલોકો પોતાની દેવીને તાવો દેછે પણ માતા જવાબ દેતાં નથી તેવામાં ચિન્તામણી દેવી રૂપે ચોરોનો પત્તો લગાડવા આવે છે ખુબીથી ચોરોનો પતો મેળવે છે છેવટમાં દેવનો પડછાયો હોતો નથી એ વાક્યપર ચિન્તામણીનું કપટ ખુલું થાય છે, ઠગ લોકો તેને મારી નાખવા તૈયાર થાય છે ચિન્તામણી પોતાનો અંતનો વખત હોવાથી પાપનો પશ્ચાતાપ કરે છે ને મરવા તૈયાર થાય છે ઠગ લોકોને દયા આવવાથી મારતા નથી ચિન્તામણીનાં જ્ઞાન ચક્ષુ ખુલી જાય છે અને પ્રભુ પરાયણ થવું.

પ્ર૦–૬—બિલ્વમંગળ ચિન્તામણીના પ્રેમમાં વીહવળ બની રા-

ત્રીનો વખત વળી તેના પીતાના શ્રાધ્ધનો દિવસ છતાં પણ ચિન્તામણીને મળવા તૈયાર થાય છે ગાયાદેવી તેને ઘણી રીતે સમજાવે છે છેવટમાં નહી માનતાં બિલ્વ પોતાની પ્યારી ચિન્તામણિને ઘેર જાય છે.

પ્ર૦-૭--મંગળ જંગલમાં વર્ષા ઋતુનું વર્ણન કરતો નીકળે છે કૃષ્ણે પુછેલા પ્રશ્નનો મંગળે આપેલો જવાબ ત્યાં બિલ્વ મંગળનું આવવું, શ્રી કૃષ્ણે સ્વરૂપ બદલી બોધ આપવો. મોહાંન્ધ બિલ્વને કાંઇ અસર નહી થતાં તેવીજ સ્થિતિમાં ચિન્તામણી પાસે જવું. શ્રી કૃષ્ણના બોધથી નહી સુધરનારની સ્થિતિ જોઇ મંગળને આશ્ચર્ય થવું વિગેરે.

પ્ર૦-૮--ચિન્તામણીનું ઘર રાત્રીની વખતે ચિન્તામણીએ પોતાના માથે વીતેલ પ્રસંગની યાદી લાવી ઇશ્વર ભક્તિ પરાયણ રહેવાના વિચાર કરતાં સુઇ જવું તેવામાં કૃષ્ણવીણા નદી તરી બિલ્વમંગળનું મેડી ઉપર ચડવું અને ચિન્તામણીને જગાડવી ચિન્તામણીનું જાગ્રત થવું તથા બિલ્વમંગળને બોધના ફટકા મારી વૈરાગ્યવાન બનાવવો. બિલ્વમંગળને પોતાની અધમ સ્થિતિનું ભાન થતાં તેના હૃદયમાં જ્ઞાનની જ્યોત પ્રગટ થવી, વીગેરે.

અંક ૨ જો.

પ્ર૦-૧--અકબર બાદશાહની કચેરી. બાદશાહ પ્રસિદ્ધ ગાયક રામદાસ બાવાની ગેર હાજરીમાં તેના પુત્ર બિલ્વમંગળની તપાસ કરાવે છે પણ બિલ્વમંગળ ચિન્તામણી

ગુણીકાના બોધથી સંસારપર વીતરાગ બની ચાલી નીકળ્યો છે આ વાત તાનસેન કહે છે પણ ચિન્તામણી જેવી વેશ્યા બોધ આપે એ બનેજ નહિ આ વાતની શંકા થતાં તેની પરીક્ષા કરવા બાદશાહે ચિન્તામણીને તેડાવવા રૂકો લખી મોકલવો.

પ્ર૦-૨--બિલ્વમંગળ પ્રભુ ગુણ ગાન કરતા નીકળે છે આ જોઇ તેની સ્ત્રી કંટાળો આપે છે તેથી બિલ્વમંગળ સંસાર ઉપરથી પોતાનું મન ઉઠી જવા કહી પોતાની સ્ત્રીથી છુટા થવા માગે છે માગાદેવીએ પોતાના પતિનું આવું વર્તન જોઇને પીયર જવું તથા બિલ્વમંગળનું જંગલમાં ચાલ્યા જવું.

પ્ર૦-૩--ચિન્તામણીની પ્રભુ પ્રત્યે પ્રીતિ અને સંતસાધુ તરફની મમતા જોઇ તેની મા અન્ના તેને ઘણું સમજાવે છે પણ તે માનતી નથી. ત્યાં વૈષ્ણવ, સાધુઓનું આવવું ચિન્તામણી ઇશ્વર ગુણ ગાન કરે છે. અન્નાનું ગુસ્સે થવું તેવામાં બાદશાહનો હુકમ આવવાથી અન્નાએ ચિન્તામણીને જબર જસ્તીથી બાદશાહ પાસે લઇ જવી.

પ્ર૦-૪--સોમગિરીનું આશ્રમ સોમગિરી પોતાના શિષ્યો સાથે ભજન કરે છે ત્યાં બિલ્વમંગળનું આવવું અને ગુરૂ મંત્ર લેવા સોમગિરિને વિનંતી કરવી. પણ સોમગિરી તેને પાત્ર નહિ જાણી મંત્ર આપતા નથી. તોપણ બિલ્વ દૃઢ ટેક લઇ બેસે છે, તેથી ગર્વ ગંજન કૃષ્ણ ભગવાને ભક્તોની પરિક્ષા લેવા પેટમાં દુઃખવાનો ઢોંગ કરી મનુષ્યનું કાળજું લેવા મંગલને મોકલવો. છેવટ પ્રભુ-

ના નામ ઉપર બિલ્વમંગલે પોતાનું કલેજું કાઢી આપવું. આ જોઇ સર્વનું આશ્ચર્ય થવું. બીલ્વને પ્રભુએ સજીવન કરવો. અને સોમગિરીએ બીલ્વને ગુરૂમંત્ર આપવો.

પ્ર૦—પ—કૃષ્ણ ભગવાન મંગલને કામ ક્રોધને જીતેલા વેશધારી સાધુઓની પરિક્ષા કરી બતાવે છે. પ્રભુની માયા જોઇ મંગલ અજબ થાય છે તેવામાં કોઇ સ્ત્રી પોતાના પુત્રનું મુડદુ લઇ રૂદન કરતી નીકળે છે. મંગલને દયા આવવાથી તે પુત્રને સજીવન કરવા કૃષ્ણ ભગવાનને વિનંતી કરે છે. પણ આયુષ્ય તુટયા પછી સજીવન થઇ શકે નહિ તેમ પ્રભુનું કહેવું. તેવામાં બીલ્વ મંગલનું આવવું બીલ્વનું સાધુપણું જોઇ બાઇએ પોતાના પુત્રને સજીવન કરવા કાલાવાલા કરવા છેવટ બિલ્વની સ્તુતિથી પ્રભુ છોકરાને જીવીતદાન આપે છે. મંગલનું ગુસ્સે થવું અને શ્રી કૃષ્ણ ભગવાનનો બોધ.

પ્ર૦—૬—અકબર બાદશાહનો ખાનગી અવાસ. ચિંન્તામણી તથા અન્નાનું આવવું. બાદશાહ અનેક લાલચ આપી ચિંન્તામણીને ભોળવે છે. પણ ચિંન્તાંમણી પોતાની ટેક છોડતી નથી. છેવટમાં તેની ભક્તિ જોઇ બાદશાહનું ખુશી થવું. અન્નાને બાદશાહી ખજાનામાંથી જીવાઇ આપી ચિંન્તામણીને છુટી કરી મરજી મુજબ જવા કહેવું. ચિંન્તામણીનું જંગલમાં ચાલી નીકળવું.

પ્ર૦—૭—બિલ્વમંગલની સ્ત્રી (માયા દેવી) પોતાની દુઃખી સ્થિતિનું વર્ણન કરે છે. ત્યાં સોમગિરી મહાત્મા માયાના દરશન કરવા આવી બિલ્વમંગલનું ઘર પુછેછે પણ

માયા દેવી તેને બહુ સતાવે છે. તેમજ અપમાન કરે છે. માયાદેવીની આવી સ્થિતિ જોઇ સોમગિરી પોતાના ભક્તિ પ્રભાવે પ્રભુની સ્તુતિ કરી (માયા) ની મોહ બુધ્ધિ હરી લઇ ઉત્તમ બુધ્ધિથી અધિકારિણી કરે છે. અને સાથે વૃજયાત્રા કરવા તેડી જાય છે.

પ્ર૦-૮—ઇશ્વર ભક્તિમાં તદાકાર બનેલા બિલ્વમંગલ ચાલ્યા આવે છે. ત્યાં કેટલાએક ગામના લોકો તેની મશ્કરી કરી તેને સતાવે છે. પણ બિલ્વમંગળને એક પ્રભુના સ્મરણ વિના કંઇ સુજતું નથી. તેવામાં કોઇ એક નગર શેઠના દીકરાની સ્ત્રી ચાલી આવે છે. તે બિલ્વમંગલની ભક્તિ જોઇ આશ્ચર્ય પામી તેની પ્રસંશા કરતી ચાલી જાય છે. એ સ્ત્રીને જોઇ બિલ્વમંગલને ચિંતામણીનું ભાન થાય છે. અને પોતાની શંકાનું સમાધાન કરી તેને ઉત્તમ રસ્તે દોરવાની ઇચ્છાથી તે શેઠાણીને ચિંતામણી સમજી તેની પાછળ જાય છે.

પ્ર૦-૯—અમૃત શેઠાણી પોતાની સખીઓ સાથ રાસડો ગાય છે. ત્યાં બિલ્વમંગલ આવી શેઠાણીને અન્યોક્તિમાં બોધના શબ્દો કહે છે. જે સાંભળી એ બીલ્વને તેમ બોલવાનું કારણ પુછવું. ચિંતામણી નથી એવું બીલ્વનો જણાવું. છેવટ પોતાની થયેલી ભુલને માટે પોતાના ચક્ષુઓને દોષ આપી બાઇ પાસે સોયો મંગાવી આંખો ફોડી નાંખવી સર્વનું આશ્ચર્ય થવું. ત્યારથી બીલ્વનું (સુરદાસ) બનવું.

અંક ૩ જો.

પ૮-૧--વ્રજને રસ્તે સોમગિરિ તથા માયાદેવીનું નીકળવું ત્યાં ચિન્તામણીનું મિલન બાદ ત્રણેનું સાથે વ્રજમાં સુરદાસજીને મલવા જવું વિગેરે.

પ૦-૨--સુરદાસજીનું વ્રજ જંગલમાં કૃષ્ણ કીર્તન કરતાં નિકળવું કૃષ્ણ ભગવાને સુરની ભકિતનાં વખાણ કરવાં મંગળે સુરની પરીક્ષા કરવી. ત્યાં કૃષ્ણ ભગવાને પ્રગટ થઇ સુરનો હાથ ઝાલી વ્રજનો રસ્તો બતાવવો, છેવટમાં સુરની મન ઇચ્છા પુરી કરવા તેને રાસ લીલાનાં દર્શન કરાવવા વચન આપવું.

પ૦-૩--રાસ લીલા સુરદાસજીનાં નેત્રોને અસલ સ્થિતિમાં લાવી પ્રભુએ પોતાની રાસ લીલા બતાવવી ત્યાર બાદ સુરની માગણીથી તેનાં નેત્રો હતાં તેવાંજ કરવાં અને હમેશાં તેને માટે દૂધ ભાતનો દૂનો અંતરીક્ષથી મોકલવા વચન આપવું.

પ૦-૪--કૃષ્ણદાસ કવિ તથા તુલસીદાસજીનું મિલન ત્યાં સુરદાસજીનું આવવું. ત્રણેની પરસ્પરની પ્રેમ લક્ષણા ભકિત બાદ કૃષ્ણદાસ કવિનાં કાવ્યની પરીક્ષા સુરદાસ તથા તુલસીદાસજીનું હરિ દર્શન કરવા જવું કૃષ્ણદાસજી પાછલા બે પદ ન બનાવી શકવાથી પ્રભુએ જાતે પુર્ણ કરવાં. કૃષ્ણદાસ પાસે હરિ દર્શન કરવા ગયેલા સુરદાસ તથા તુલસીદાસનું આવવું કૃષ્ણદાસનું કરેલું કાવ્ય સાંભળવું. તેમાં છેલાં બે પદ પ્રભુનાં બનાવેલાં છે તે સુરદા-

સજીએ ઓળખવું. કૃષ્ણદાસ તથા તુલસીદાસજીએ સુરદાસની ભકિતનાં વખાણુ કરવાં.

પ્ર૦-૫--મથુરાંનો રાજ માગ સુરદાસ તથા તુલસીદાસને સોમગિરી સુરદાસજીના આશ્રમમાં સુરની ભકિતથી પ્રભુનું પ્રગટ થવું, સુરતું રીસાવું. ઇશ્વરે તેનું ઇચ્છિત પૂર્ણ કરી મનાવી અદ્રસ્ય થવું ત્યાં સર્વ ભકત મંડળનું આવવું પાછળથી પ્રભુએ ચતુર્ભુજ સ્વરૂપે સર્વને દર્શન દઇ મહાપ્રસાદ આપવો વિગેરે.

છેવટ ભકિતનો વિજય.

ૐ શાન્તિ:, શાન્તિ: શાન્તિ:

શ્રી ગણેશાય નમઃ

શ્રી

બિલ્વમંગળ (ઉર્ફે) સુરદાસ.

નાટકના ગાયનો

મંગળાચરણ

સૂત્રધાર તથા નટી— ૧

શ્રી નટવર ઘટઘર અંદર સ્થાપી ગરચુ
પ્રભુ પ્રિયકર— શ્રી.
શ્રીપતિ આપો સુમતિ, ગણો નિજજન— શ્રી.
ગિરિધર સુંદર સ્નેહે, કરજો ફલપ્રદ કરણી.
યદુકુલ દિનકર વ્હાલથી, વંદુ નિરખી
છબિ મન હરણી.
જગ જલનિધિ તરણી— શ્રી.

નટી— ૨

ગિરિધર ગુણ ગાય, ગાઉ સ્નેહ સાથ જોડી હાથ
શ્રી પતિ પદ રતિ ઉર અતિરે— ટેક.
રટું મુખ રસિક વિહારી, ધારી હિમ્મત હૈયે ભારી
અભિનવ અવતારી, નંદ નંદન હરણુ ફંદ
ચતુરચંદ દ્યુતિમય દિન પ્રતિ કરૂં નતિરે— ગિરિધર.

ગોપ--   ૩

મારા સુંદર સ્યામ શરીર, જય મન મોહન મુદ મંદિર
નંદકુંવર ભકતોની નિત્યેં, ભાંગી રહ્યા છો ભીડ
નટવર નવલકિશોર નિરંતર, ગ્રહી પદ કંજ
પ્રભામય પ્રીતેં સ્તુતિ કરીએ ધરી ધીર.   મારા૦
ધન્ય ભાગ્ય વ્રજ ભૂમીનાં, વળી છે ધન નંદ અહીર
અધમઉધારણ કારણ જગના, અભિનવ આપ
પ્રભુજી પ્રગટયા જાહિર શ્રી જદુવીર—   મારા૦

કૃષ્ણ—   સાખી

અધમોને ઉદ્ધારવા, સ્નેહે ધરૂં શરીર
ભવ સાગરથી ભકતને, તારી કરૂં ઝટતીર.

ગોપ..............................મારા—

કૃષ્ણ—   ૪

કરે ના શુધ્ધ કોઇરે, મુજ કૃપા વિના
બ્રહ્મા શેષ મહેશ ગિરા ને ગણેશ કદી જો હોયે
મારી કરૂણા વિના કરે ના ઉત્તમ કિલવિશ ખોઇરે
હુંજ કરૂં અધમોને ઉત્તમ પાપ પુંજ સહુ ધોઇ
પુનિત કરી પોતાના ગણું છું ઉંચ કે નીચ હોય
તોયરે.

ચિન્તા—   ૫

બોલું કયા મેરે પ્યારેકી બતિયાં
ખોલું કયા મેરી છોટીસી છતિયાં—   ટેક૦
ન ધરિ ચેન સધરિ રેન ચુમિ ચુમિ

બદન સયનમેં દુઃખી કર ડારી
પકરી જુગલ કર, બસન અલગ કર
કિય પર હરી ડર, છત અધરન પર— બોલુ૦

સાખી

અરોર ડારે જોરસોં, મેરે કોમલ અંગ
એસે નિરદય નાથકો, સુપને કરૂં ન સંગ
બોલુ.

સાખી.

ત્રાસ બઢયો તનમેં અતિ, હીયકો ઘટયો હુલાસ
એસો જો મેં જાનતી, તો જાત ન પીયુકી પાસ.
બોલુ.

૬

ચંદુ-બીંદુ-બીલ્વ-વિગેરે.-

નર નીચ અહીંથી જા, જા, જા,
લે માર ખળ તું ખા, ખા, ખા,
બહુ મદ મસ્ત બનીને બોલ્યો, રંગ અમારો રજમાં રોળ્યો
નથી શરમ નફટ, હરામી તું હઠ લઠ
શાને અહીં આવ્યો શઠ, પ્હેરવાને નથી પટ—જા—

અંગળ—કહું સત્ય વાત નહી તરછોંડો-કૃષ્ણ ભજનમાં
ચિત્તને જોડો છોડો સઉ છળબળ ભજો હરિ
પળપળ નહીનો કહેવાશો ખળ, તેમાં નથી સારૂં ફળ

બધા—લે પાપી તું લેતો જા.

અંગળ—હાય, હાય. ઓહ, ઓહ
ઓ પ્રભુજી ધાઓ ધાઓ—બ.

૭

બિલ્વ—જાઉં જાઉં પ્યારી પાસ ઝટપટ, છોડ છોડ મુજ કર તુ

માયાદેવી—જરીએ નહિ અધમ શરમ તુજને

જગત ડર મહદ નિશદિન મુજને

વેશ્યા સદન જોઇ નયન જગ

કહે ધિક તેની બ્હીક, ઉર મહિ ધર તું

બિલ્વ—જાઉં જાઉં

પૂર્ણ ચિત્ત મુજ પ્રસન્ન રહે છે

ચિન્તામણિનું મિલન થતાં

લઇશ લ્હાવ બનીં રસ બસ હું

અલગ થા તું જા નાર નકામી— જાઉં ૨

૮

કૃષ્ણ—સહુ સુખી આપી ઉધારૂં ચિન્તામણીને

કરૂં મંગલ દાયક શુભ ફલ નિજ ગણીને

અધમઉધારણ મારૂં નામ સત્ય નિત્યે

તો ગણજે ગનથી ઉતમ કરી જનથી

તારૂં ગો તનથી અઘ નિવારી— સહુ૦

૯

ચિન્તા—ખીલી વસત વૃક્ષ ડાળીં જુઓ ડોલતી

ખૂબીને ખોલતી

પ્રેમ પુષ્પની પ્રભા અપાર ધારી
આંગળીઓ તુલ્ય પાન, તેથી બોલાવી માન
મોહનને આપતી— ખીલી૦
પંખી ગણુ પામે વિશ્રાન્તિ
પંથી જનો સુખે લે છે શાન્તિ
જોબનનાં અંગે ફુટયાં છે અંકુરો
સ્નેહેથી શોભાને સ્થાપતી— ખીલી૦

૧૦

ઠગો તથા તેની સ્ત્રીઓ—

હાજરા હજુર આવી બોલોરે બોલોમા
ભગતી અમારી ભાળી, બોલો બોલોરે— હા૦
કરને તું મહેર માડી.
દઇએ અમે ભોગ દાડી, બોલોમા— બોલો૦
હાવજે ચડીને આવો, તૈયારસે આજ તાવો
લીયોને માતાજી લાવો, બોલોમા— બોલો૦

૧૧

ઠગો તથા તેની સ્ત્રીઓ.

મા કાળીરે ઉગમણા ગોખવાળી
ઝટપટ આવો માડી ઝટપટ આવો
મા કાળીરે વાઘની સવારી વાળી— ઝટપટ૦
મા કાળીરે જગમાં બહુ બીરદાળી— ઝટપટ૦
મા કાળીરે ભગતી આમ સાચી ભાળી— ઝટપટ૦

આ ફાળીરે ઉગમણા ગોખવાળી
થાનકે સીધાવો માજી થાનકે સીધાવો

૧૨

ચિન્તા—હું ભજન કરીશ હરિનું, સદા સુખે— ભજન૦
આ સંસાર આગ સમ લાગે
મિથ્યા ફાંફા મારી હારી— ભજન૦
નહિ કોઇને કે'વા તમારી વાત આ બંધાઉં છું.
રાખો ભરોસો હૃદયમાં, હું દેવના સમ ખાઉં છું
છોડો ક્ષમા લાવી મને, ઝટ આહિંથી જાવા દિઓ.
સંતો તણા સહવાસમાં, ગુણ કૃષ્ણના ગાવા દિઓ.

૧૩

મિહદેવ—રતિ પતિ બાણુ મારી. મારી કઠ છાતી વિદારે.
પ્રહારે ન ધારે દયારે કોતારે
જાય છે વખત થાય છે વ્યથિત તનડું જ્યારે ત્યારે
રતિ પતિ

સાખી

પલ પણ પ્રિય પ્રમદા વિના, ધારી શકું નહિ ધીર
જખમ કરે છે જીગરમાં, તીવ્ર વિરહનું તીર
દૈવી ગુણોથી વિરાજિત દારા
મોહિની ચિન્તામણિ વિણુ મારાં
સંકટ કોણુ નિવારે— રતિ પતિ૦

૧૪

બિલ્વ—પ્રમદા પ્યારી મળે, વ્યાધિ ફરની ટળે
રઢિયાળી મારી-- પ્રમદા૦
કામ કૃપાણુથી ઘાયલ હું એ
ઘાવ રૂઝાવની ઔષધિ સારી
વાહ વાહ પ્યારી ઘર જાઉં
હું જાઉં જાઉં જાઉં--. પ્રમદા૦

૧૫

કૃષ્ણ--શ્રવણ ન બોધ ધરે દુષ્ટો દાડી
પાપ કરે વિપ્ર ધરે, અવતરે-- શ્રવણ૦
નિશદિન સકલ દુઃખ સહે
નહિ ધર્મ પંથને ચડે
રટણ રમણીનું હૃદય રહે
છલ બલ છાય છાય છાયરે-- શ્રવણ૦

૧૬

ચિન્તા--વિષય વાત મમ માત તજીને, કૃષ્ણ ભજન તું કરવા દે
ધર્મ વૃત્તિએ ધરણીધરનું ધ્યાન વૃત્તિથી ધરવા દે
અધમપણાને અલગ રાખી ભંડાર ભક્તિના ભરવા દે
નટવર નામનું નાવ મળ્યું છે તો ભવ સાગર તરવા દે
નાશવંત નર નામ છોડીને અક્ષય વરને વરવા દે
—વિષય૦

૧૭

બિલ્વ--આ તારાં વચનો સારાં સ્નેહે સાંભળતાં
શાન્તિ પામ્યું છે મન મારૂં રે આજે૦— આ૦
જગની જંજાળમાંથી બળતો બચાવ્યોજી
ધન્ય ગુરૂ ચિન્તામણિ ધારૂં રે આજે.
ચિન્તા--ભક્તિ ભગવાન કેરી કરતાં હમેશાંજી
થવાનું ત્યરાએ શુભ તારૂં રે—શાણા
બિલ્વ--આ તારાં

અંક બીજો.

૧૮

દરબારીઓ--નેક ન્યાય બારે પ્યારે, અકબર નૃપતિ હમારે
પ્રીતસોં પ્રજાકી પીર. કાટિ દેત શાન્તિ ધીર
કરત હૈ વિનોદી બીર, નીર છીર ન્યારે.

૧૯

વારાંગનાઓ--સા સા પપ ધમ પગ મેરસા સા સા ગરેસા
ગમ ગરેસા.
સારેરેરે સાગગગ સામમથ સાપપપ
સાધધધ સાનીનીની સા સા સા સ
સાનીનીની સાધધધ સાપપપ સાગમગ
સાગગગ સારેરે ધની સારેપ સાસાસા.
ગગગ સારેરેરે ધની સારેપ સા. સા...સા.

સાગ સાગ સાગમ ગરે સાની સારે.
ધધની સા સારે ગરે સાની ધની સા સા સા.
પગ પગ પપ સાધપમ ગરે. ગમ ગગ ગપ
નીસાની ધનીસા...
સા.....ગ.....પ.....સા.....સા.....પ.....
ગ.....સા.....સાસા.

૨૦

બિલ્વમંગળ--નાથ ત્વરિત સેવકને તારો
નટવર ઉરની ઉપાધિ નિવારો...ટેક
કરમ કર્યાં છે અધમ હજારો.
માફ કરો અપરાધ એ મારો.....નાથ
અધમઉધારણ ? અધમ ઊધારો,
આશ્રય એક મને છે તમારો.....નાથ.

સાખી

મુજ મન ભમરાએ કરી, જાળવવા રસ રીત.
અવિનાશી પ્રભુ આપના, પદ પંકજમાં પ્રીત....નાથ.

૨૧

બિલ્વ તથા માયા.
માયા--સદા રેં જે રૂડાં સુખડાં સાજી તું
હવે જાઉં છું રહું ન થા રાજી તું.....ટેક.
સ્નેહી જનનો સંગ, તજી ફર ફતંગ.
ભુંસી ભભુત અંગ, ધર અજબ ઢંગ.
બિલ્વ--વનિતા વાહ વાહ.
માયા--રેં જે રૂડાં.

બિદ્વ--તારા જવાથી શાણી મારા હૃદયમાં શાન્તિ થશે
રટિ નિત્ય નંદ કુમારને, અવતાર આનંદે જશે.
ભવ ભાર દુખ દેનાર, શિર ધારણ કરી ચાલી અરે.
માયા ઉદાર બની કર્યો ઉપકાર તેં મારા પરે.
માયા.............. ....રેજે.

૨૨

ચિન્તામણિ--
વ્હાલા વ્રજલાલ સાથે લાગીરે લગનીયાં
માહરી મહારાજ
પ્યારી છબિ શામળાની, સ્થાપી ઘટ ઘરમાં મેં તો.
એને હાથે છે મારી લાજ
વૃન્દાવનમાં, ફરતા ધરતા વરતા. આ. આ.........વ્હાલા
હૈડે નિત હેત ધારી, બંધુ હળધરના હું તો
સેવું છોડીને બીજાં કાજ......વૃન્દા......આ વ્હાલા

૨૩

સોમગિરિ તથા સાધુઓ--
ખોટી માયા-ખોટી કાયા-જુઠી માયા જુઠી કાયા.
સાચે પંથે ચાલો ભાઇ
ભજન કરીએ ભાવથી પ્રભુ૦
નામ રઘુપતિનું રટી શબરી તરી સંસારથી
પારધી શુભ ગતિ પામ્યો એ અજાણ્યું નથી--માઇ૦

૨૪

કુબ્જા--રહી ચરણ શરણ જે મારે
કરતા ભકિત મારી હામ ધારી............ટેક.
વાર વાર દ્રઢતાને ધારે સૌ ધન.
મુજને માને સારી વૃત્તિ ભારી......રહી.

દાસ આસ પુરી કરવાને હાજર રહું છું હેતે.
સાચી પ્રીતિ ભાળી..................રહી.

૨૫

બિલ્વમંગળ--
તારો મુજને હેતેથી ગૃહી હાથરે ગુરૂજી
ગાઉં પ્રભુ આનંદે ગુણ ગાથ હોજી
આશરો મારે તો સાચો એક ગુરૂ આપનો છે
સ્તુતિ કરૂં છું સ્નેહ સાથ હોજી
છે નહીં મારે આશા ધન ધરા ધામનીરે.
ગુરૂ મંત્ર આપો કૃપાનાથરે......ગુરૂજી......તારો૦

૨૬

માયા--દેખો દેખો, મેરા નામ માયા મહાન મશહુરહૈ
મેરા ન્યારાહી આલમમેં નુર હૈ
જોગી ભોગીકુ મેરી જરૂર હૈ
દીલમેં યું રહે ન કોઉ મુજસે દુર હે
વાહજીવાહ વાહજીવાહ.........દેખો દેખો.

૨૭

માયા તથા નિર્લોભરામ—
માયા—હાંરે મેરે રંગીલે યાર ખીલી કયસી બાલે
જોબનકી બહાર
હાંરે મેરે બાલે જોબનકી બહાર, પૈસે બિના
કયસે કરૂં કહો પ્યાર, દેદો થેલી મેરે દિવાને દિલદાર
............મેરે
નિર્લોભ—થેલી મેં કયસે દુ' પ્યારી નસેલી એ હય જીવન
કા આધાર.
માયા—થેલી છુપાના ચમન ઉડાના હોતા ન બરસોં હજાર.

નિર્લોભ—લો યે થેલી ગાથુક મેરે મઝેદાર
માયા--આઇવા મેતો જાતો હું ડોક હુશીયાર......મેરે૦

૨૮

બિલ્વમંગળ--

સેવકની અરજી સુણી ધીરા વગર વિલંબે ધાઓ,
દયા દીનપર દીનદયાળુ, લાલ ઉમંગે લાવો.
વ્રજવલ્લભ છો મુજને વ્હાલા.
કિંકર હું કરૂં કાલાવાલા...આ બાળકને બચાવો, સેવક
કરો સજીવન સ્નેહ ધરીને, મદનમોહન પ્રભુ મારા
નિરાધાર નારીનાં દુખને નટવર કરજો ન્યારાં
અવિનાશી આધાર તમારો.
અવર કોણ છે કહો અમારો, પરચો નાથ બતાવો.

૨૯

કૃષ્ણ--હુંથી ભક્ત શ્રેષ્ટ ભારી, ક્ષણુ ક્ષણુ કરતા.
સ્મરણુ વિઘ્ન હરણુ મારૂં મોદ ધારી
પુનિત પરમ હૃદય નરમ......હુંથી.
વિશ્વ વાત ન્યારી નિશદિન કરીને.
સુખે સદય, લહે વિજય ... ...આ આ૦
મારી કીર્તિ ગાતા, ધરા રતિ ઉર આત.
ધમ સાચો ધરતા...આ...આ...હુંથી.

ચિન્તામણિ ૩૦

સહુ વાતે સુખ પામી આ સમે,
દુખની તુટી દોરી કહું કર જોડી;
પ્રભુ ! મારા આ સમે...ટેક.
ચાહ તમારૂં કરે શુભ શ્રીપતિ,

આશીશ એ મુજ આનંદકારી;
ભજીશ હવે મુદથી મુરારિ...દુખ૦

અમૃત, તથા સાહેલીઓ; ડ૧

ગરબો.

સખી સેવા કરીએ રાધા શ્યામનીરે,
ગુણો ગાઇએ એના દિન યામિનીરે...ટેક.
પ્રેમથી, નેમથી, મૂર્તિ નિહાળી મોદ ધામનીરે;
ધુન હૈયામાં હેતથી લાગી રહી પ્રભુ નામનીરે,
સુખદ શ્રી હરિ પ્રતાપવંત;
તુર્ત પાપ ટાળી આપે શાન્તિ ને...સખી૦

સાખી.

એકાદશીનું વ્રત કરી, આનંદે સહુ આજ;
પ્રિયતમ પ્રભુને પૂજિયે, સાજી ઉત્તમ સાજ.
શાણી સાહેલી સાથ, પીએ પ્રીતિનાં પાથ;
હેતે જોડીને હાથ, કરો પ્રાર્થના પ્રીતી રીતી પુનીત.
રૂડી રાખીને રીત, ગાયે વહાલેથી ગીત જગત નાથનાં.
રાહમાં, ચાહથી, ઉછાહથી, ઉચારીએ નામ;
રમો રંગમાં, અંગમાં, ઉમંગ ધારીને.
પ્રભુની ભક્તિ છે પૂર્ણ શ્રેય કારીરે...સખી.

બિલ્વમંગળ ડ૨

મેં ભયનો છોડયો ભાસ, નયનો કરીને ન્યારાં;
ઘટ ઘરમાં કરજો વાસ, પ્રીતે પ્રભુજી પ્યારા...ટેક
વિઠ્ઠલ વહાલું બિરદ વિચારી,
આ સેવકને લેજો ઉદ્ધારી;
વ્યાધિ વિદારી શરણે સ્વીકારી,

ટાણે હરો મુજ ત્રાસરે... .....મેં ભયનો૦

સુર— આંખ વિના અતિશય દુઃખી થાશે,
જીંદગી આની શી રીતે જાશે;
થાયે હવે શું, ગભરાયે હવે શું.

બિલ્વમંગળ—શાને બનો છો ઉદાસરે...મેં ભયનો૦

અંક ત્રીજો.

૩૩

ચિન્તામણી—મને કોઇ વ્રજની વાટ બતાવો
સુજન ગણી પૂછું, આગળ આવો. **મને**
સુંદર શ્યામ વ્રજેશ વસે જ્યાં,
ત્યાં મુજને લઇ જાઓ, **મને**
આતુર છું સુરશ્યામને મળવા
મોદથી કોઇ મિલાવો. **મને**

૩૪

ચિન્તામણી—હરિ હેતેથી હું તો ગુરૂમંત્ર આજે પામી.
વધ્યો હૃદયે હુલ્લાસ, કરૂં વ્રજમાંહી વાસ.
જે થકી ઝટ જાયે વ્યાધિ વિરામી **ટેક.**
જપતા થાકું નહિ કદી હું, નટવર રૂડું નામ
અબળાને ઉદ્ધારી લેજો, સ્નેહે સુંદર શ્યામ જે થકી.

કૃષ્ણ

૩૫

ધન્ય સૂર ! ઉર નિર્મળ તારૂં,
પ્રબળ પ્રેમમય ક્ષેમનું સ્થાન;

દ્રઢતા તુજ દિલની દેખીને,
મુદ ભર મહાન, જાણું જહાન...ધન્ય.
ઘટ ઘરમાં વસી દર્શન આપું,
શ્રેષ્ટ સખા કરી તુજને સ્થાપું;
કાપું ક્લેશ મુકી સઘળું માન...ધન્ય.

સાખી

ભિન્ન નથી ભાનુ થકી, જ્યોતિ જગમાં જેમ;
મારી તેમજ ભક્તની, તુલના કરવી તેમ...ધન્ય.

દાસ— ૩૬

અરે રંગ જે લાગ્યો તે લાગ્યો.
શિદ સોવે ફરી જે જાગ્યો..... ...ટેક.
હંસોની ગતિ હંસો જાણે, કાગ ન કાંઇ પિછાણે
ઘાવ રહિત ઘાયલની ગતિને, જગમાં ક્યાંથી જાણે .....અરે
દરદી વિણ દરદીની દશાને, લક્ષે કોઇ ન લાવે
સૂર ભજનનો રંગ ન ઉતરે, અમિત ઉપાધિ આવે.. . અરે

૩૭

કૃષ્ણ તથા ગોપગોપીઓ—

આવોરે અબ બ્રજ બનિતન
સબ મીલી યુથ યુથ
પાઓરે સખી મુદ મધુ દરશન
કરી બ્રજ પતિકે. ... ...(૨) આવોરે.
ધાઓ ધાઓ બિલંબન લાઓ
અતી પ્રેમ ભાયોમન ધારો રતી.... ... ... આવોરે.
અનુપમ આકૃતિ આજ બીરાજે

અલંકાર વપુ અગણીત રાજે
મોર મુગટ પીતામ્બર છાજે
છબી તિલોકી મીનકેતન લાજે
મધુર મૃદંગ ઝાંઝ ધુન બાજે
નભમેં દેવ દુંદભી ગાજે
એસી છબી દેખી આજ શ્રી બ્રજ પતિકી. ... . આવો.

૩૮

સૂરદાસ—ગુણોનું ગાન કરૂં ગિરિધારી,
ધારિ ઉર હામ શ્યામ સુખકારી. ... ... ટેક.
ભૂધર મુજને ભક્તિ આપની
પ્રાણુથકી છે પ્યારી
વારવાર જઉ વારી વહાલથી
મદન મોહન મનોહારી. .... ગુણોનુ

૩૯

સૂરદાસ—હું હવે નાચ્યો બહુજ ગોપાલ. ટેક.
કામ ક્રોધનાં ધરી પરિધાનો
કંઠે વિષયની માલ;
મદદ મોહનાં નૂપુર વાજે
નિન્દા શબ્દ રસાલ. હું હવે.
કોટિ કળાઓ નાચી બતાવી.
ના રહ્યો કાલનો ખ્યાલ,
સૂરદાસની સર્વ અવિદ્યા
દૂર કરો નંદલાલ. હું હવે

૪૦

સૂરદાસ—કરજો શ્યામ મારો ઉદ્ધાર
ભય પામું ભવસાગર માંહિ, કરૂણાસિન્ધુ અપાર કરજો-ટેક.
નીર અતિ ગંભીર માયા મોહ તરલ તરંગ
જાય ગળી ઘડિમાં ઘણાને, બની ગ્રાહ અનંગ. કરજો૦
બન્યો દાસ બેહાલ વિહ્વળ, કહું કરૂણાગાર
દાસ સુરનો હાથ ગ્રહીને હરિ ત્વરાએ તાર. કરજો૦

૪૧

સૂરદાસ—તમારો છે સાચો સ્નેહ રઘુપતિ રામ સાથે
રઘુપતિરામ સાથે અવધના શ્યામ સાથે
શ્યામ રામ કેરી ભક્તિ સુખો આપનારી સાચાં
ભજન વિનાના ભાઇ બધાં કામ જાણો કાચાં.
તુલસી તથા—સૂરદાસ મનમોહન તણું મન આપક્ષો આ સમયમાં
સૂરદાસ—કીધા તમે વ્રજરાજને વશ, વહાલ રાખી વિનયમાં
સંતોષધારી સર્વદા આગળું કર્યું અભિમાનને
પ્રીતે પ્રસન્ન કર્યા ખરેખર ભક્તિથી ભગવાનને
સૂરદાસ— ... ... તમારો.

૪૨

કૃષ્ણ—હું ભકતોનો ભકત છે મારા
જે ભકતોથી સ્નેહ કરે છે. તેને સ્નેહી ધારૂં
દ્રોહ કરે સંતોનો તેને ચક્ર સુદર્શન મારૂં

૪૩

સૂરદાસ—નટવર તારૂં ખેલવું ન્યારૂં
મન હરણ કરે છે મારૂં ટેક.
મારો ગોપને ઘાવ ગેંદનો, શ્રીહરિ ગમ્મત સારૂ,

પીડા વ્રજપ્રમદાને ઉર એ, ભૂધરજી ભરનારૂં નટ૦

ગોપ સંગ તન મન ગોપી સંગ, કૃષ્ણ રમણ કરનારૂં

કૃષ્ણ—સૂઃશ્યામ વ્રજનાગ ઉપર હું તન મન ધન સહુ વારૂં નટ૦

૪૪

સૂરદાસ તથા ચિન્તામણી—

ચિન્તામણી— અરે ઓ શ્યામ પુરો મન કામ

અતિથિનાં ઉમંગેથી

યદુવરજી કરૂં અરજી ગિરિધરજી સુંદરવરજી

સાખી

આવી ઉભાં આ સમે મોહન સહુ મિજમાન

મહેર કરીને મોકલો ભૂના દયાનિધાન—યદુ૦

સાખી

સૂરદાસ—અતિથિને આપ્યા વિના જાદવ કેમ જમાય

કરીએ એવું કામ તો જગમાં આબરૂ જાય—યદુ૦

૪૫

સર્વ પાત્રો—ભકિત નિરખીને ભાવે, સૂરના સ્વામી.

પ્રભુજી પ્રેમથી, પધાર્યા રે.

સ્નેહે સૂરદાસ કેરા, અંતરની આશપુરી

ભક્તોનાં નયનોને ઠાર્યાં રે. ભકિત૦

આશ્રિતનો ભાવ જાણી, હૃદયે અતિ રંગ આણી

શ્રીકમજી આવી અમને તાર્યાં રે. ભક્તિ૦

સમાપ્ત.

સૂર

* જી. સી. દસ્તુરની જાણીતી *

ચારમીંગ પીલ્સ.

ધાતુપૌષ્ટીક ગોળીઓ.

. કબજીઆત તથા હાથપગ, કમર અને માથાનો દુઃખાવો
નબળાને રૂષ્ટ પુષ્ટ બનાવી, વિદ્યાર્થીઓની યાદદાસ્ત શક્તિ
મની ગરદાઇ આપી, અખંડ ધાતુને ઘટ્ટ કરી પાચનશ-
રા ગુપ્ત નસોને જોર આપી બુઢ્ઢાને જુવાન અને જુવાનને
ગા ગોળીઓ સ્ત્રી પુરૂષોને આશીરવાદરૂપ છે. ૪૨ ગોળીની
સોથી એકની કીંમત રૂ. ૧ એક. ફક્ત એક શીશી મંગાવી ખાત્રી કરો.

વેચનાર—ડાકોર બ્રધર્સની કંપની—કણપીઠ—સુરત.

ઠક્કર દુલ્લભજી જુઠાભાઇની કંપની.

ભુલેશ્વર સામે—મુંબાઈ.

નના વરરાજાના તથા સાંબેલાના ખરા તથા ફેન્સી ડરેસ,
રેશમ વરઘોડાની છત્રીઓ, નાટકના ફેન્સી તથા ગ્રીકટીકીના ડરેસ,
મોતીના દાગીનાઓ, ચોટલાની ભારે હલકી વાળની
ટક કંપનીઓને કામનો સર્વ સામાન, ઠાકોરજીના
ગંધી સેંટો સાબુઓ અને એવો તરેહવાર જાતનો
મળે છે. મુંબાઈ આવો તો અમારી દુકાનની મુલા-
ચુકશો નહી તથા આવો કાંઇ માલ જોઇએ તો એક
ર ત્યાંથી મંગાવી અમારા ભાવની તથા ઉત્તમ માલની
રવા સુચના છે.